**બનાસકાંઠાના મહે. સ્પેશ્યલ જજ (લેન્ડ ગ્રેબિંગ એકટ) અને**
**બીજા એડીશનલ સેશન્સ જજ**
**શ્રી અમિત જે. કાનાણીસાહેબની કોર્ટમાં,**
**મુકામ : પાલનપુર**

**આંક.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| **GJBK**010019512021 | | રજુ તારીખ | ૨૩/૧૨/૨૦૨૫ | | |
| | | નોધ્યા તારીખ | ૨૩/૧૨/૨૦૨૫ | | |
| | | **ફેંસલ તારીખ** | **૨૦/૦૩/૨૦૨૬** | | |
| | | અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | | | | | |

**<u>સ્પેશ્યલ (જી.એલ.જી.પી.) કેસ નંબર : ૭/૨૦૨૫</u>**

## FORM-A

**નામદાર સુપ્રિમકોર્ટનાં SUO MOTO WRIT (CRL) NO.(S)1/2017 તથા ક્રિમિનલ મેન્યુઅલના ચેપ્ટર–VI નાં 179 A અન્વયેનાં નોટીફીકેશન નં. સી–૨૦૦૧–૯૩, તા. ૨૦/૦૫/૨૦૨૨ ના ઠરાવેલ પ્રફોર્મા મુજબ.**

**એફ.આઇ.આર.ની વિગતો/ગુન્હો અને પોલીસ સ્ટેશન :–**

| | | |
|---|---|---|
| **પોલીસ સ્ટેશન** | દાંતા પો.સ્ટે. પાર્ટ–બી ગુ.ર.નં. ૧૧૧૯૫૦૧૫૨૫૦ ૫૮૫/૨૦૨૫ | |
| **ગુન્હો** | ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૩૫૧(૩), ૫૪ તથા ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ કલમ–૪(૩),૫(બી),૫(સી),૫(ઇ) મુજબ | |
| **તહોમતનામા મુજબ** | ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ–૩૫૧(૩), ૫૪ તથા ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ કલમ–૪(૩),૫(બી),૫(સી),૫(ઇ) મુજબ | |
| **ફરિયાદી** | **શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત)**<br>**(મુળ ફરિયાદી કાંતીભાઇ બેચરભાઇપટેલ,**<br>રહે. શેરી નં.૦૯, જુના લક્ષ્મીપુરા, તા. પાલનપુર, જિ. બનાસકાંઠા. | |
| **વિ. સ્પે. પી.પી.** | **શ્રી ટી.એ. ત્રીવેદી** | |
| **આરોપીઓ :–** | **૧.** | **ભીખાભાઇ મંગાભાઇ સોલંકી**<br>ઉ.વ. ૫૨, ધંધો– નોકરી,<br>રહે. દાંતા, દાંતા પોલીસ સ્ટેશન સામે, લક્ષ્મીપુરા, તા.દાંતા, જિ. બનાસકાંઠા. |
| | **૨.** | **ભીખભાઇ નાથાભાઇ સોલંકી**<br>ઉ.વ. ૬૮, ધંધો – નિવૃત, |

**(અમિત જે. કાનાણી)**
સ્પે.જજ (લે.ગ્રે.એકટ)
બનાસકાંઠા,પાલનપુર.

| | | |
|---|---|---|
| | | રહે. દાંતા, દાંતા પોલીસ સ્ટેશનની સામે, લક્ષ્મીપુરા, તા. દાંતા, જિ. બનાસકાંઠા. |
| **આરોપી તરફે વકીલ** | **શ્રી યુ.બી. આચાર્ય** | |

# FORM-B

| | |
|---|---|
| **ગુનો બન્યાની તારીખ** | તા. ૧૫/૦૭/૨૦૨૨ થી આજદિન સુધી |
| **ફરિયાદની તારીખ** | તા. ૨૭/૧૧/૨૦૨૫ |
| **ચાર્જશીટની તારીખ** | તા. ૨૩/૧૨/૨૦૨૫ |
| **તહોમત ફરમાવ્યાની તારીખ** | તા. ૨૨/૦૧/૨૦૨૬ |
| **પુરાવો શરૂ કર્યાની તારીખ** | તા.૧૨/૦૨/૨૦૨૬ |
| **ચુકાદો અનામત રાખ્યાની તારીખ** | તા. ૨૦/૦૩/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | તા. ૨૦/૦૩/૨૦૨૬ |
| **સજાનાં હુકમની તારીખ જો કોઇ હોય તો** | ના |

## આરોપીની વિગત :-

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં અવાલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ્ છોડવામાં આવ્યા કે કસુરદાર | શું સજા કરી ? | ક્રિ.પ્રો. કોડની કલમ ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામનાં કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ભીખાભાઇ મંગાભાઇ સોલંકી | ૨૮/૧૧/૨૦૨૫ | | ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૩૫૧(૩), ૫૪ તથા ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ કલમ-૪(૩),૫(બી),૫(સી),૫(ઇ) મુજબ | ના | ના | |
| ૨. | ભીખાભાઇ નાથાભાઇ સોલંકી | ૨૮/૧૧/૨૦૨૫ | | | | | |

**(અમિત જે. કાનાણી)**
સ્પે.જજ (લે.ગ્રે.એકટ)
બનાસકાંઠા,પાલનપુર.

## FORM-C

**ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ ::–**

**(એ) ફરિયાદપક્ષ તરફે ::–**

:: મૌખિક પુરાવા ::

| સાહેદ નં. | સાહેદનુંનામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧. | કાન્તીભાઇ બેચરભાઇ પટેલ | ફરિયાદી | ૦૯ |
| ૨. | ચૌધરી મનીષકુમાર સરદારભાઇ | તલાટી કમ મંત્રી | ૨૭ |
| ૩. | મહેશભાઇજયંતીભાઇ દવે | તાલુકા વિકાસ અધિકારી | ૪૦ |
| ૪. | એજાજ અશરફભાઇ રાજપુરા | નાયબ ડી.ડી.ઓ. | ૪૨ |
| ૫. | પટેલ ચેલજીભાઇ પ્રભુજીભાઇ | નાયક કલેકટર | ૪૫ |
| ૬. | મિહીર પ્રવિણકુમાર પટેલ | જિલ્લા કલેટર | ૫૧ |
| ૭. | પ્રશાંત એ. સુમ્બે | એસ.પી. બ.કાં. | ૫૨ |

**(બી) બચાવપક્ષે સાહેદો જો હોય તો ,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

**(સી) કોર્ટ સાહેદો જો હોય તો ,**

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

**ફરિયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવાઓ :–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદ | ૧૦ |
| ૨. | અધિક કલેકટરનો ફરિયાદ દાખલ કરવાનો પત્ર | ૧૧ |
| ૩. | ફરિયાદીએ કલેકટરને ઓનલાઇન કરેલ અરજી | ૧૨ |
| ૪. | અરજદારના જવાબની નકલ | ૧૩ |
| ૫. | વેચાણ દસ્તાવેજની નકલ | ૧૪ |

**(અમિત જે. કાનાણી)**
સ્પે.જજ (લે.ગ્રે.એકટ)
બનાસકાંઠા,પાલનપુર.

| | | |
|---|---|---|
| ૬. | પંચાયતમાં વેરો ભર્યાની પહોંચ નં. ૪૭૯ ની પ્રમાણિત નકલ | ૧૫ |
| ૭. | પંચાયતમાં વેરો ભર્યાની પહોંચ નં. ૪૮૧ ની પ્રમાણિત નકલ | ૧૬ |
| ૮. | ગામ નમુના નં. ૨ ની નકલ | ૧૭ |
| ૯. | આકારણી પત્રકની નકલ | ૧૮ |
| ૧૦. | આકારણી પત્રકની નકલ | ૧૯ |
| ૧૧. | ગામ નમુના નં. ૨ ની નકલ | ૨૦ |
| ૧૨. | વેરો ભર્યાની પહોંચ નં. ૪૭૬ ની નકલ | ૨૧ |
| ૧૩. | વેરો ભર્યાની પહોંચ નં. ૪૭૭ ની નકલ | ૨૨ |
| ૧૪. | વેરો ભર્યાની પહોંચ નં. ૪૭૮ ની નકલ | ૨૩ |
| ૧૫. | વેરો ભર્યાની પહોચં નં. ૪૮૦ ની નકલ | ૨૪ |
| ૧૬. | સ્થળ સ્થિતિનો ફોટોગ્રાફ | ૨૫ |
| ૧૭. | સ્થળ સ્થિતિનો ફોટોગ્રાફ | ૨૬ |
| ૧૮. | સ્થળસ્થિતિનું પંચનામું | ૨૮ |
| ૧૯. | સામાવાળાનો જવાબ | ૨૯ |
| ૨૦. | સ્થળ સ્થિતિ દર્શાવતો નકશો | ૩૦ |
| ૨૧. | જિલ્લા સમિતીની બેઠકનું તા. ૬/૧૦/૨૦૨૫ નું પ્રોસીડીંગ્સ | ૪૧ |
| ૨૨. | તાલુકા વિકાસ અધિકારીએ નાયબ કલેકટરને મોકલેલ અહેવાલ | ૪૩ |

**<u>બચતાપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજો :–</u>**

| **ક્રમ નંબર** | **દસ્તાવેજનું નામ** | **દસ્તાવેજનું વર્ણન** |
|---|---|---|
| – | – | – |

**<u>કોર્ટ તરફે આંકે પડેલા દસ્તાવેજો</u>**

| **અનુક્રમ નંબર** | **દસ્તાવેજનું નામ** | **દસ્તાવેજનું વર્ણન** |
|---|---|---|
| – | – | – |

**(અમિત જે. કાનાણી)**
સ્પે.જજ (લે.ગ્રે.એકટ)
બનાસકાંઠા,પાલનપુર.

**–:: <u>ઠ રા વ</u> ::–**

**<u>આરોપીઓ વિરૂધ્ધનું તહોમત</u> :–**

**૧.** ફરિયાદી કાંતીભાઇ બેચરભાઇ પટેલ, રહે. શેરી નં. ૦૯, જુના લક્ષ્મીપુરા, તા. પાલનપુર, જિ. બનાસકાંઠા નાઓએ દાંતા પો.સ્ટે. માં ગુન્હા રજી. નં. ૧૧૧૯૫૦૧૫૨૫૦૫૮૫/૨૦૨૫, બી.એન.એસ., ૨૦૨૩ ની કલમ–૩૫૧(૩),૫૪ તથા ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ, કલમ–૪(૩), ૫(બી),૫(સી) અને ૫(ઇ) મુજબના ગુન્હાની ફરિયાદ નોંધાવેલ છે.

**<u>ફરિયાદ હકીકત</u> :–**

**૨.** ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ દાંતા ગામના ગામતળમાં આવેલ ફરિયાદીની માલિકીના પ્લોટ નં. ૧૩ માં ૧૦૧ ચોરસ મીટર અને પેરા મીટર અને રસ્તામાં આશરે દશેક ફૂટ જેટલી જમીન પચાવી પાડવા સારૂ ફરિયાદીની ગેરહાજરીનો લાભ લઇ જબરજસ્તીથી બિનઅધિકૃત રીતે કબજો કરેલ હોય, ફરિયાદી કહેવા જતાં ફરિયાદીને માર મારવાનો ડર બતાવી ધાક ધમકી આપી ઉશ્કેરણીકરી જમીન પચાવી પાડી એકબીજાને મદદગારી કરેલ હોય, ફરિયાદીએ વારંવાર આરોપીઓને તેઓએ કરેલ બિનઅધિકૃત દબાણ દુર કરવા તેમજ લેન્ડ ગ્રેબિંગ એકટ મુજબ ગુન્હો દાખલ કરવા માટે વિ. કલેકટરશ્રી, પાલનપુર નાઓને ઓન લાઇન અરજી કરતાં, તે પછી તે અરજી અંગે કલેકટરશ્રી, પાલનપુરના અધ્યક્ષસ્થા વાળી સમિતિની તા. ૦૬/૧૦/૨૦૨૫ ની બેઠકમાં સવાલવાળી મિલ્કત ઉપર આક્ષેપિતો નો કબજો બિનઅધિકૃત કબજો કરેલ હોય, સદર અરજી ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ, ૨૦૨૦ હેઠળ કાર્યવાહી કરવા પાત્ર હોય, અરજદાર ઇચ્છે તો દિન–૭ માં પોલીસ

ફરિયાદ કરી શકે છે તેવો લેટર નં. COLLBK/0035/11/2025 તા. ૧૧/૧૧/૨૦૨૫ થી હુકમ કરેલ હોય, જે હુકમની નકલ ફરિયાદીને મળતાં, ફરિયાદીએ સદર હુકમ આધારે આરોપીઓ વિરૂધ્ધ દાંતા પોલીસ સ્ટેશનના પી.આઇ. શ્રી આર.એલ. મકવાણા તા. ૨૭/૧૧/૨૦૨૫ ના રોજ ફરિયાદ નોંધાવેલ.

**<u>પોલીસ તપાસ અને ચાર્જશીટ</u> :–**

**3.** આ કામના મુળ ફરિયાદીએ ઉપરોકત બાબતેની ફરિયાદ કલેકટર શ્રી, બનાસકાંઠા, પાલનપુર નાઓને ઓન લાઇન આપતાં, ગુજરાત જમીન પચાવી પાડવા અધિનિયમ (પ્રતિબંધ), ૨૦૨૦ ની જોગવાઇઓ સંદર્ભે કલેકટર કચેરી, બનાસકાંઠા ખાતે કલેકટરશ્રીની અધ્યક્ષતામાં કમિટિ ધ્વારા ફરિયાદીની દરખાસ્ત અરજી અન્વયે ફરિયાદ કરવાનું નકકી થયા બાદ, ફરિયાદીની ઉપરોકત મુજબની ફરિયાદના આધારે તપાસ કરનાર અધિકારીએ પંચો રૂબરુ પંચનામું કરી, પુરતો પુરાવો હોઇ, આરોપીઓ વિરૂધ્ધ સદર ફરિયાદ અને દસ્તાવેજી પુરાવાઓના આધારે દાંતા પો.સ્ટે. ગુન્હા રજીસ્ટર નંબર ૧૧૧૯૫૦૧૫૨૫૦૫૮૫/૨૦૨૫ થી બી.એન.એસ. એકટ, ૨૦૨૩ ની કલમ– ૩૫૧(૩),૫૪ તથા ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ કલમ–૪(૩),૫(બી),૫(સી) અને ૫(ઇ) મુજબનો ગુન્હો રજીસ્ટર કરી આગળની તપાસના ત.ક.અધિકારીને સોંપેલ. ત.ક.અધિકારીશ્રીએ ગુનાની તપાસ સંભાળી લઇ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા અને તપાસની કાર્યવાહીના અંતે આ ગુન્હાના કામે કુલ–૦૨ આરોપીઓ સામેના ગુન્હાની તપાસ પુર્ણ કરી તેમના વિરૂધ્ધ અત્રેની સ્પેશ્યલ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરતાં, તેને સ્પેશ્યલ (જી.એલ.જી.પી.) કેસ નં. ૭/૨૦૨૫ ની નોંધવામાં આવેલ છે.

**(અમિત જે. કાનાણી)**
સ્પે.જજ (લે.ગ્રે.એકટ)
બનાસકાંઠા,પાલનપુર.

**<u>કોર્ટ સમક્ષની કાર્યવાહી</u> :–**

**૪.** ત્યારબાદ બી.એન.એસ.એસ. ની કલમ–૨૫૧(૧)(બી) હેઠળ આરોપીઓ વિરૂધ્ધ તા. ૨૨/૦૧/૨૦૨૬ ના રોજ બી.એન.એસ. એકટ, ૨૦૨૩ ની કલમ– ૩૫૧(૩),૫૪ તથા ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ કલમ–૪(૩), ૫(બી), ૫(સી) અને ૫(ઇ) મુજબના સજાને પાત્ર ગુન્હા કર્યાના તહોમત સબબ આંક. ૦૪ થી તહોમતનામું ફરમાવી, સદર કાયદાની કલમ–૨૫૧(૨) હેઠળ તહોમતનામું આરોપીઓને વાંચી, સંભળાવી, સમજાવવામાં આવેલ છે અને આંક. ૦૫ અને ૦૬ લગત આરોપીઓ નું નિવેદન નોંધવામાં આવેલ. આરોપીઓએ ગુન્હાના આક્ષેપો કબુલ કરેલ ન હોઇ તેથી બી.એન.એસ.એસ.ની કલમ–૨૫૩ અન્વયે ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા પાત્ર હોઇ, ફરિયાદપક્ષે દસ્તાવેજી પુરાવો અને સાહેદો રજુ કરવા જણાવતાં, ફરિયાદપક્ષે લેખિત અને મૌખિક પુરાવો રજુ કરેલ છે.

**૫.** ત્યારબાદ ફરિયાદપક્ષે રજુ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ઉપર ફોર્મ–સી મુજબ નોંધવામાં આવેલ છે.

**<u>આરોપીઓનું વિશેષ નિવેદન</u> :–**

**૬.** સદર કામે ફરિયાદપક્ષ તરફે વિ. સ્પે.પી.પી. શ્રી ધ્વારા આંક. ૫૩ થી પુરાવા બંધ પુરસીશ રજુ થતાં, પુરાવો બંધ કરેલ છે. ફરિયાદપક્ષનો પુરાવો પુરો થતાં આરોપીઓનું બી.એન.એસ.એસ. ની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવતાં, આરોપીઓએ તેમની સામે નીકળી આવતાં સંજોગોનો ઇન્કાર કરી, વિશેષમાં જણાવેલ છે કે, તેઓએ કહેવાતો કોઇ ગુનો કરેલ અને અને તેમની સામે ખોટો કેસ કરેલ છે અને તેઓ નિર્દોષ હોય તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે. જોકે, તેઓએ તેમના સદર કથનના સમર્થામાં સોગંદ ઉપર જુબાની આપવાનું કે બચાવના

સાહેદો તપાસવાનું પસંદ કરેલ નથી.

**<u>પક્ષકારો તરફેની દલીલો</u> :–**

૭. ફરિયાદપક્ષે વિ. સ્પેશ્યલ પી.પી. શ્રી ટી.એ. ત્રીવેદીએ દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામે ફરિયાદક્ષે આંક. ૦૪ થી આરોપીઓ વિરૂધ્ધ તહોમતામું ફરમાવેલ છે, અને ફરિયાદીએ આંક. ૧૦ થી આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ રજૂ કરેલ છે, જે ફરિયાદ મુજબ આરોપીઓએ એકબીજાની મદદગારી અને મેળાપીપણામાં ફરિયાદીની જમીન પચાવી પાડવાના ઈરાદે તેમાં ગેરકાયદેસર બથામણીયો કબજો કરેલ હતો, જેના કારણે ફરિયાદીએ ફરિયાદ અઅપેલ હતી, અને તે ફરિયાદીની અરજી અન્વયે કલેકટરશ્રીની અધ્યક્ષતામાં મળેલ કમિટિની બેઠકમાં હાલના આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ કરવાનું નકકી થયા બાદ, ફરિયાદીની ફરિયાદના આધારે સંબંધીત પી.એસ.ઓ. એ હાલની ફરિયાદ દાખલ કરી આગળની તપાસ, ત.ક.અધિકારીને સોંપતાં, તપાસ કરનાર અધિકારીએ આ કામના આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરેલ છે. જે હકીકતને આ કામે સાહેદોએ સમર્થન કરેલ છે. આંક. ૨૮ ના પંચનામાને તલાટી કમ મંત્રીએ સમર્થન કરેલ છે, તેમજ સાહેદો તથા ત.ક.અધિકારીએ પણ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરેલ છે. ઉપરોકત મુજબનો પુરાવો ધ્યાને લેતાં, ફરિયાદપક્ષે આ કામના આરોપીઓ સામેનો આક્ષેપિત ગુન્હો પુરવાર કરેલ હોઇ, આરોપીઓને તકસીરવાન ઠરાવી કાયદામાં ઠરાવેલ શિક્ષા કરવા રજુઆત કરેલ છે.

૮. બચાવપક્ષે વિદ્વવાન વકીલ શ્રી યુ.બી. આચાર્યએ દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામે ખુદ ફરિયાદીએ જ તેમની જુબાનીમાં તેઓ જગ્યા ઉપર ગયેલા ત્યારે તેમને એવું લાગેલું કે દબાણ થયેલ છે, તેઓએ તેવખતે કોઇ જગ્યાની માપણી કરાવેલ ન હતી અને તેઓએ તેમની જગ્યાની માપણી કરાવ્યા બાદ તેમની જગ્યા પુરી મળેલી.

**(અમિત જે. કાનાણી)**
સ્પે.જજ (લે.ગ્રે.એકટ)
બનાસકાંઠા,પાલનપુર.

હાલમાં તેમની જગ્યા ઉપર તેઓએ કંમ્પાઉન્ડ હોલ બનાવી દીધેલ છે અને હાલમાં તેમની જગ્યાનો કબજો મળી ગયેલ છે. સમજફેર થવાના કારણે અને રેવન્યુ એન્ટ્રીમાં તેમજ સ્થળ ઉપર ગેરસમજ થવાના કારણે તેઓએ તેમના સમાજના લોકોના કહેવાથી ગેરસમજ વાળી ફરિયાદ કરેલ હોવાનુ જણાવેલ છે. આમ, ફરિયાદીની જમીન ઉપર આરોપીઓએ કયારેય કોઇ દબાણ કરેલ નથી કે ફરિયાદીની જગ્યા પચાવી પાડેલ નથી. ફરિયાદીને તેમનીજગ્યા પરત મળી ગયેલ છે અને જમીન બાબતે કોઈ તકરાર નથી. ગેરસમજના કારણે ફરિયાદ કરેલી છે. સાહેદો પણ ફરિયાદ હકીકતને સમર્થન આપતા નથી. આમ, આરોપીઓ સામે ખોટી ફરિયાદ ગેરસમજના કારણે થયેલ છે જેથી આ કામના આરોપીઓને નિર્દ્રોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

**<u>કેસના ન્યાયિક નિર્ણય અર્થેના મુદા અને તેનો જવાબ</u> :-**

૯. આથી નિર્ણય અને નિકાલ માટે હવે આ નીચેના મુદાઅલ ઉપસ્થિત થાય છે.

**૧.** શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંક પણે પુરવાર કરે છે કે, આરોપીઓએ મોજે દાંતા મુકામે આવેલ ફરિયાદીના પ્લોટ નં. ૧૩ માં ૧૦૧ ચો.મી. અને પેરા મીટર અને રસ્તામાં આશરે દશેક કુટ જેટલી જમીનમાં જમીન પચાવી પાડવા સારૂ ફરિયાદીની ગેરહાજરીનો લાભ લઈ જબરજસ્તીથી બિનઅધિકૃત રીતે કબજો કરી ફરિયાદી કહેવા જતાં ફરિયાદલને માર મારવાનો ડર બતાવી ધાક ધમકી આપી ઉશ્કેરણી કરી જમીન પચાવી પાડી એકબીજાને મદદગારી કરી બી.એન.એસ. એકટ, ૨૦૨૩ ની કલમ-૩૫૧(૩),૫૪ તથા ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ કલમ-૪(૩),૫(બી),૫(સી) અને ૫(ઇ) મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

**(અમિત જે. કાનાણી)**
સ્પે.જજ (લે.ગ્રે.એકટ)
બનાસકાંઠા,પાલનપુર.

**૧૦.** ઉપરોકત મુદ્દાઓની હવે પછી તુરત ચર્ચા કર્યાના આધારે અમારો નિર્ણય નીચેના કારણોસર નીચે મુજબ છે.

**૧.** નકારમાં,

**૨.** આખરી હુકમ મુજબ.

**-:: <u>કા ર ણો</u> ::-**

**<u>મુદ્દા નં. ૧</u> :-**

**૧૧.** આ કામે ફરિયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે કુલ-૦૭ સાહેદો તપાસેલા છે જેમનો પુરાવો વંચાણે લીધેલ છે, જે નીચે મુજબ છે.

**૧૨.** ફરિયાદપક્ષે ફરિયાદી કાન્તીભાઇ બેચરભાઇ પટેલને આંક. ૦૯ થી તપાસેલ છે. ફરિયાદીએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, દાંતા તાલુકાના રતનપુર ગામે મણીલાલ ખેમચંદભાઇ મેવાડાના નામે જુના સર્વે નં. ૧૬/૨, ૧૬/૩ નવો સર્વે નં. ૧૩ ની જમીન સતિશસિંહ અને તાલુકા વિકાસ અધિકારી, બનાસકાંઠાના તા. ૧૮/૦૭/૧૯૮૭ થી રહેણાંકમ અને વાણિજય હેતુથી બીનખેતીમાં ફેરવવામાં આવેલી, જે ફરિયાદીએ તા. ૧૫/૦૭/૨૦૨૨ ના રોજ દસ્તાવેજ નં. ૮૩૮ થી વેચાણ રાખી માલિક બનેલા. ત્યારબાદ આરોપીઓ સાથે તેમના કબજા બાબતે તકરા ઉભી થતાં તેઓએ કલેકટરશ્રી, બનાસકાંઠાને ઓનલાઇન અરજી કરેલી અને કમિટિએ તેઓને ફરિયાદ દાખલ કરવાનો તા. ૧૧/૧૧/૨૦૨૫ થી હુકમ કરેલો, જે હુકમ તેઓને મળતાં તેઓએ દાંતા પો.સ્ટે. માં ફરિયાદ આપેલી. જે ફરિયાદ આંક. ૧૦ થી રજુ થયેલ છે જેમાં તેમની સહી છે. ફરિયાદીની જુબાનીમાં આંક.૧૧ થી અધિક કલેકટરશ્રીનો ફરિયાદ દાખલ કરવાનો પત્ર, આંક. ૧૨ થી તેઓએ ઓનલાઇન અરજી કરેલ તેની કોપી, આંક. ૧૩ થી વિસ્તરણ અધિકારી, દાંતા એ તેમનો જવાબ લીધેલો, આંક. ૧૪ થી વેચાણ દસ્તાવેજની

નકલ, આંક. ૧૫ અને ૧૬ થી વેરો ભર્યાની પહોંચો તેમજ આંક. ૧૭ થી ૨૦ સુધી આકારણીપત્રક, આંક. ૨૧ થી ૨૪ પંચાયતમાં વેરો ભર્યાની પહોંચો તેમજ આંક. ૨૫ અને ૨૬ થી બનાવ સ્થળના ફોટા રજુ થયેલ છે.

**(એ)** આ ફરિયાદીની બચાવપક્ષ તરફે કરેલ ઉલટ તપાસ જોવામાં આવે તો, તેઓ વર્ષોથી લક્ષ્મીપુરામાં રહે છે અને વિવાદવાળી જગ્યા દાંતા મુકામે આવેલી છે. સર્વે નં. ૧૬/૨, ૧૬/૩ અને જેનો નવો સર્વે નં. ૧૩ માં આવેલ પ્લોટ નં. ૧૦ થી ૧૫ વેચાણ દસ્તાવેજથી મણીલાલ ખેમચંદભાઇ પાસેથી ખરીદેલ અને આ જમીન ખુલ્લી હતી. સને ૨૦૨૨ માં દસ્તાવેજ કરાવેલ હતો અને તે પહેલા તેઓ કોઇ વખત સ્થળ ઉપર ગયેલ ન હતા. તેઓએ જે જગ્યા ખરીદેલી તેના ઉત્તરે અડીને ગામ તળની જમીન તેમજ હરીજનવાસ તેમજ ખેતીની જમીન આવેલી છે. તેઓ તે જગ્યા ઉપર ગયેલા એટલે તેમને એવું લાગેલું કે દબાણ થયેલું છે. તેઓએ તે વખતે જગ્યા ઉપર કોઇ માપણી કરાવેલ ન હતી. તેઓએ તેમની જગ્યાની માપણી કરાવ્યા બાદ તેમની જગ્યા પુરી મળેલી. હાલમાં તેમનીજગ્યા ઉપર તેઓએ કમ્પાઉન્ડ વોલ બનાવી દીધેલ છે અને હાલમાં તેમની જગ્યાનો કબજો મળી ગયેલ છે. આરોપીઓ સાથે સમાધાન થઇ ગયેલ છે. ઇન્કવાયરી દરમ્યાન કલેકટરશ્રીએ નોટીસનો જવાબ જાતે લખી લીધેલ છે, તેમની કોઇ સહી કરાવેલ નથી. તેઓને ઘરમેળે સમાધાન થઇ ગયેલ છે. તેઓ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, સમજફેર થવાના કારણે અને રેવન્યુ એન્ટ્રીમાં તેમજ સ્થળ ઉપર ગેરસમજ થવાના કારણે તેઓએ તેમના સમાજના લોકોના કહેવાથી ગેરસમજ વાળી ફરિયાદ લખાવેલી.

આમ, ફરિયાદીનો સમગ્ર પુરાવો જોતાં આરોપીઓ વિરૂધ્ધની કોઇ હકીકત નીકળી આવતી નથી અને ગેરસમજના કારણે તેઓએ

ફરિયાદ આપેલાનું જણાવે છે. આરોપીઓએ ફરિયાદીની જમીન પચાવી પાડવાના આશયથી ગેરકાયદેસર બિનઅધિકૃત રીતે કબજો કરેલ હોય તેવી કોઇ હકીકત ફરિયાદી તેમના પુરાવામાં જણાવતા નથી.

**૧૩.** ત્યારબાદ સાહેદ ચૌધરી મનીષકુમાર સરદારભાઇને આંક.૨૭ થી તપાસેલ છે જેઓ દાંતા ગ્રામ પંચાયત કચેરીમાં તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવે છે. તેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, કાન્તીભાઇએ લેન્ડ ગ્રેબિંગની અરજી કરેલી તે વખતે વિસ્તરણ અધિકારી તપાસમાં આવેલા અને તેમના સેજાનું ગામ હોઇ તેઓ પણ હાજર રહેલા. તેમની હાજરીમાં કાન્તીભાઇ બેચરભાઇનો જવાબ લીધેલો. જે જવાબ આ કામે આંક. ૨૮ થી રજુ થયેલ છે. પરંતુ ફરિયાદીનો પુરાવો જોતાં તેઓનો આવો કોઇ જવાબ લેવામાં આવેલ હોય અને તેમાં તેમની સહી હોય તેવું જણાવતા નથી. આ સાહેદની જુબાનીમાં આંક. ૨૮ થી સ્થળસ્થિતિનું પંચનામું તેમજ આંક. ૨૯ થી સામાવાળાઓનો તેમની હાજરીમાં લેવામાં આવેલ જવાબ અને આંક. ૩૦ થી સ્થળસ્થિતિનો નકશો રજુ થયેલ છે.

**(એ)** આ સાહેદની બચાવપક્ષ તરફે કરેલ ઉલટ તપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, પંચનામામાં ફકત તેમની સહી લીધેલી. તેઓએ સ્વીકારેલ છે કે, પ્રતિવાદીનો જવાબ લીધેલો જે વિસ્તરણ અધિકારી રૂબરુ લીધેલો, તેમની રૂબરુ લીધેલ નથી કે તેમની રૂબરુમાં કોઇ માપણી કરવામાં આવેલ નથી.

**૧૪.** ત્યારબાદ સાહેદ મહેશભાઇ જયંતીલાલ દવે કે જેઓ જિલ્લા વિકાસ અધિકારી, બનાસકાંઠા, પાલનપુર તરીકે ફરજ બજાવે છે તેઓને આંક. ૪૦ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ, ૨૦૨૦ હેઠળના કાયદા નીચે લેન્ડ ગ્રેબિંગની

કમિટિની રચના કરવામાં આવેલી, જેમાં કલેકટરશ્રી, બનાસકાંઠા કમિટિના અધ્યક્ષ તરીકે અને તેઓને કમિટિના સભ્ય તરીકે કામગીરી માટે નિમણૂંક થયેલ. તા. ૬/૧૦/૨૦૨૫ ના રોજ પાલનપુર મુકામે લેન્ડ ગ્રેબિંગ કમિટિની મિટીંગ મળેલી જે મિટીંગમાં સભ્ય તરીકે તેઓ હાજર રહેલા. સદરહું મિટીંગમાં સોલંકી ભીખાભાઇ નાથાભાઇના વિરૂધ્ધમાં હાલના અરજદાર કાન્તીભાઇ બેચરભાઇ પટેલે લેન્ડ ગ્રેબિંગના કાયદા નીચે અરજી કરતાં, જે અરજીના સંદર્ભમાં અહેવાલ સાથે અને રેકર્ડ સાથે અરજી કમિટીમાં મુકવામાં આવેલી અને જેનો કેસ નં. ૧૦ હતો. સદરહું કમિટીએ અભ્યાસ કરી હાલના આરોપી વિરૂધ્ધ લેન્ડ ગ્રેબિંગ કાયદા હેઠળ કાર્યવાહી કરવા પાત્ર છે તેવું સર્વાનુમતે નિર્ણય લેવામાં આવેલો અને કમિટીના નિર્ણય મુજબ અરજદાર ઇચ્છે તો ૭ દિવસમાં ફરિયાદ દાખલ કરી શકે તેવું અરજદારને જણાવવામાં આવેલું. તેમની જુબાનીમાં આંક. ૪૧ થી કમિટીનું પ્રોસડીંગ્સ રજુ થયેલ છે.

(એ) આ સાહેદની બચાવપક્ષ તરફે કરેલ ઉલટ તપાસમાં તેઓ જણાવે છે કે, મામલતદારશ્રીના રીપોર્ટ પ્રમાણે તેમને નિર્ણય લેવાનો હોય છે. તેઓ એ ના કહી શકે કે, સર્વે નં. ૧૩ ની આજુબાજુ સરકારી ખરાબો, ખેતીની જમીન તથા વાલ્મીકી વાસ આવેલ છે. તેઓએ સ્થળ નિરીક્ષણ કરવાનું હોતું નથી.

આમ આ સાહેદનો પુરાવો જોતાં તેઓ કમિટીના સભ્ય તરીકે મામલતદારશ્રીના રીપોર્ટ આધારે નિર્ણય તેમને લેવાનો હોય છે. તેમને સ્થળ પરની પરિસ્થિતિ અંગે કોઇ જાણકારી નથી.

**૧૫.** સાહેદ એજાજ અશરફભાઇ રાજપુરા કે જેઓ ડેપ્યુટી કલેકટર તરીકે ફરજ બજાવે છે, તેમને આંક. ૪૨ થી તપાસેલ છે. તેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ સને ૨૦૨૩ માં નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવતા હતા તે સમય

દરમ્યાન અરજદાર કાન્તીભાઇ બેચરભાઈ પટેલ એ લેન્ડ ગ્રેબિંગના કાયદા નીચે એક અરજી કરતાં, તેની પ્રાથમિક તપાસ તાલુકા વિકાસ અધિકારી, દાંતા ધ્વારા કરવામાં આવેલી અને તાલુકા વિકાસ અધિકારીએ નાયબ કલેકટરશ્રી, દાંતાને વિગતવાર નો અહેવાલ મોકલી આપેલો. જે અહેવાલ આંક. ૪૩ થી રજુ થયેલ છે. ત્યારબાદ અહેવાલ સાથેના કાગળો તેમની કચેરીમાં મોકલવામાં આવેલા. જે આધારે નવા સર્વે નં. ૧૩ જુના સર્વે નં. ૧૬/૨ અને ૧૬/૩ ક્ષેત્રફળ ૦-૩૭-૭૩ વાળી જમીનનું ચેકલીસ્ટ આંક. ૩૪ વાળું તેમને બતાવવામાં આવે છે જે તાલુકા વિકાસ અધિકારી અને તેમના ધ્વારા તૈયાર કરવામાં આવેલું અને જેમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી, બનાસકાંઠા, પાલનપુર તરીકે તેમની સહી કરવામાં આવેલી જેમાં તેમનીસહી છે જે ઓળખી બતાવેલ છે. તેમની સમક્ષ રજુ થયેલ કાગળોનો વિગતવાર અભ્યાસ કરી તેમના ધ્વારા નાયબ કલેકટર, બનાસકાંઠા, પાલનપુરને સદરહું અરજીના સંદર્ભમાં રજુ થયેલ તાલુકા વિકાસ અધિકારીના અહેવાલના આધારે તેઓએ વિગતવારનો અહેવાલ નિવાસી અધિક કલેકટર, બનાસકાંઠા ને મોકલી આપેલ. સદરહું અહેવાલમાં લેન્ડ ગ્રેબિંગ નીચેનો ગુનો બનતો હોઇ સમિતિમાં લેવાપાત્ર છે તેવોઅહેવાલ તેમના ધ્વારા કરવામં આવેલો, જે અહેવાલ આંક. ૪૪ થી રજુ થયેલ છે જેમાં તેમની સહી છે જે ઓળખી બતાવેલ છે.

(એ) ત્યારબાદ તેમની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓ જણાવે છે કે, તેઓએ માત્ર તાલુકા વિકાસ અધિકારીએ કરેલ અહેવાલ અને નિવેદન લક્ષમાં લઇ તેમનો અહેવાલ તૈયાર કરેલ છે. તેઓએ કોઇ સ્થળનું નિરીક્ષણ કરેલ નથી તેમજ સ્થળ ઉપર તેઓએ કોઈ દબાણ જોયેલ નથી પરંતું ટી.ડી.ઓ. શ્રીના પેપર્સ, રોજકામ, પંચનામાંના આધભારે સાધનીક કાગળોનો અભ્યાસ કરીને દબાણ આધારીત અહેવાલ આપેલો.

**(અમિત જે. કાનાણી)**
સ્પે.જજ (લે.ગ્રે.એકટ)
બનાસકાંઠા,પાલનપુર.

આમ આ સાહેદનો પુરાવો જોતાં પણ તેઓએ ટી.ડી.ઓ. દાંતા દ્વારા મોકલવામાં આવેલ અહેવાલ અને નિવેદન ધ્યાને લઇ તેમનો અહેવાલ તૈયાર કરેલ છે. બનાવ અંગે તેમને કોઇ જાત માહિતી નથી કે બનાવ સ્થળે તેઓ ગયા નથી.

**૧૬.** સાહેદ પટેલ ચેલજીભાઇ પ્રભુજીભાઇ કે જેઓ અધિક કલેકટર, પાલનપુર તરીકે ફરજ બજાવે છે, તેઓને આંક.૪૫ થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, લેન્ડ ગ્રેબિંગના કાયદા નીચે જે કમિટી બનાવવામાં આવે છે તેમાં તેઓ સભ્ય સચિવ તરીકે કામગીરી કરે છે. તા. ૬/૧૦/૨૫ ના રોજ દાંતા તાલુકા ના સર્વે નં. ૧૩ ખાનગી માલિકીનીજમીન બાબતે લેન્ડ ગ્રેબિંગના કાયદા નીચે અરજદારે અરજી આપતાં તેની પ્રાથમિક તપાસ થઇ કમિટીની બેઠકમાં મુકવામાં આવેલ. સદર બેઠકમાં સભ્ય સચિવ તરીકે તેઓ હાજર હતા. સદરહું અરજી કમિટીમાં મુકવામાં આવતાં કાગળો અને અહેવાલ, પંચનામું અને તે લગતા સાધનીક કાગળનો અભ્યાસ કરી કમિટી દ્વારા લેન્ડ ગ્રેબિંગના કાયદા નીચે કાર્યવાહી કરવા પાત્ર છે તેવો નિર્ણય લેવામાં આવેલો.

(એ) આ સાહેદની બચાવપક્ષ તરફે કરેલ ઉલટતપાસ જોવામાં આવે તો, તેઓએ સાધનીક કાગળોનો અભ્યાસ કરી અને કમિટીમાં બધા સાથે ચર્ચા કરી અભિપ્રાય આપેલો. તેઓએ સ્થાનિક જગ્યા જોયેલ નથી કે કોઇ નિવેદનો તેઓએ મેળવેલ નથી.

આમ આ સાહેદનો પુરાવો જોતાં પણ તેઓએ લેન્ડ ગ્રેબિંગ કમિટીના સભ્ય સચિવ હોય અને અરજદારે અરજી આપતાં તેની પ્રાથમિક તપાસ થઇ કમિટીમાં મુકવામાં આવતાં તે આધારે તેઓએ ચર્ચા વિચારણા કરી નિર્ણય લેવામાં આવેલ છે. તેઓ બનાવ સ્થળે ગયા નથી કે બનાવ સ્થળની તેઓને કોઇ જાત માહિતી નથી.

**૧૭.** સાહેદ મિહીર પ્રવિણભાઈ પટેલ  કે જેઓ કલેકટર તરીકે બનાસકાંઠા, પાલનપુર મુકામે ફરજ બજાવે છે તેઓને આંક. ૫૧ થી તપાસેલ છે. તેઓ સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ, ૨૦૨૦ હેઠળ જિલ્લા સમિતિની રચના કરવામાં આવેલી, જેમાં કલેટકરશ્રી બનાસકાંઠા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રી, બનાસકાંઠા અને નિવાસી અધિક કલેકટરશ્રી, બનાસકાંઠાનો સમાવેશ થતો હતો.  તેઓ સમિતીના અધ્યક્ષ તરીકે હોઈ તેમના અધ્યક્ષ સ્થાને તા. ૬/૧૦/૨૦૨૫ ના રોજ લેન્ડ ગ્રેબિંગની મિટીંગ રાખવામાં આવેલી, જેમાં અરજદાર કાન્તીભાઈ બેચરભાઈ પટેલે હાલના આરોપી રમેશભાઈ જેઠાભાઈ સોલંકી અને ભીખાભાઈ નાથાભાઈ સોલંકી સામે બિન ખેતીના સર્વે નં. ૧૩  જુનો સર્વે નં. ૧૬(૨) અને (૧૬(૩) માં આવેલ પ્લોટ નં. ૧૩ તથા માર્જીનવાળી જમીનમાં અંદાજીત હેકટર ૧૭૬.૫૭ ચો.મી. જમીનમાં ગેરકાયદેસર રીતે સંડાસ, બાથરૂમ અને દિવાલ બનાવેલ છે જે બાબતનો વિગતવાર અહેવાલ સાથેની અરજી તેમની કમિટીમાં મુકવામાં આવેલ, અને જેમાં જિલ્લા સમિતીએ ઉપરોકત સામાવાળા આરોપીઓ વિરૂધ્ધ લેન્ડ ગ્રેબિંગ હેઠળ કાર્યવાહી કરવા પાત્ર છે તેવો નિર્ણય લેવામાં આવેલ અને સમિતીએ તે દિવસે કેસ નં. ૧૦ થી પ્રોસીડીંગ્સ કરવામાં આવેલ.

(એ) આ સાહેદની બચાવપક્ષ તરફે કરેલ ઉલટ તપાસમાં તેઓ જણાવે છે કે, તેઓએ જાતે વિઝીટ કરેલ નથી.  તેઓ સ્વેચ્છાએ જણાવે છે કે, કમિટીએ રેકર્ડ આધારે જ નિર્ણય લેવાના હોય છે રૂબરુ જઈને ચકાસણી કરવાની હોતી નથી.

આમ, આ સાહેદનો પુરાવો જોતાં તેઓએ તેમના તાબાના અધિકારીઓએ સ્થાનિકે જઈ પંચનામાઓ, નકશાઓ અને સ્થળ

ખાત્રી કરી જે અહેવાલ મોકલી આપેલ તે આધારે તેમના અધ્યક્ષ સ્થાનેની કમિટીએ નિર્ણય કરવાનો હોય છે, તેઓ સ્થળ ઉપર ગયા નથી કે સ્થળ અંગે તેમને કોઇ જાત માહિતી નથી.

૧૮. સાહેદ પ્રશાંત એ. સુમ્બે કે જેઓ બનાસકાંઠા જિલ્લામાં પોલીસ અધિક્ષક તરીકે ફરજ બજાવે છે, તેઓને આંક. ૫૨ થી તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ, ૨૦૨૦ હેઠળના કાયદા નીચે લેન્ડ ગ્રેબિંગની કમિટીની રચના કરવામાં આવેલી, જેમાં કલેકટરશ્રી, બનાસકાંઠા સદર કમિટીના અધ્યક્ષ તરીકે કામગીરી કરે છે અને તેઓ જિલ્લા પોલીસ વડાઓએ સદર કમિટીના સભ્ય તરીકે છે. તા. ૬/૧૦/૨૦૨૫ ના રોજ પાલનપુર મુકામે લેન્ડ ગ્રેબિંગ કમિટીની મિટીંગ મળેલી જે મિટીંગમાં સભ્ય તરીકે તેઓ હાજર રહેલા. સદરહું મીટીંગમાં ભીખાભાઇ નાથાભાઇ વિરૂધ્ધમાં હાલના અરજદાર કાન્તીભાઇ બેચરભાઇ પટેલે લેન્ડ ગ્રેબિંગના કાયદા નીચે અરજી કરતાં, જે અરજી સંદર્ભમાં અહેવાલ સાથે અને રેકર્ડ સાથે સદરહું અરજી કમિટીમાં મુકવામાં આવેલ, જેનો કેસ નં. ૧૦ હતો. સદરહું કમિટીએ કાગળોનો અભ્યાસ કરી હાલના આરોપી વિરૂધ્ધ લેન્ડ ગ્રેબિંગના કાયદા હેઠળ કાર્યવાહી કરવા પાત્ર છે તેવો નિર્ણય લેવામાં આવેલો.

(એ) આ સાહેદની બચાવપક્ષ તરફે કરેલ ઉલટ તપાસમાં તેઓ જણાવે છે કે, મામલતદારશ્રીના રીપોર્ટ પ્રમાણે તેમને નિર્ણય લેવાનો હોય છે. હાલમાં તેઓ ના કહી શકે કે, સર્વે નં. ૧૩ ની આજુબાજુ સરકારી ખરાબો, ખેતીની જમીન તથા વાલ્મીકી વાસ આવેલ છે. તેઓએ સ્થળ નરીક્ષણ કરવાનું હોતું નથી.

આમ, આ સાહેદે પણ તેઓ કમિટીના સભ્ય તરીકે હોય અને રજુ થયેલ અહેવાલ આધારે નિર્ણય કરેલ છે. તેમને બનાવ સ્થળની

સ્થિતિ અંગે કોઈ જાત માહિતી નથી.

૧૯. આમ, ફરિયાદપક્ષ તેના ઉપરોકત મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું ટુકડે ટુકડે નહિ પરંતું એકસાથે તુલનાત્મક વિશ્લેષણ કરતાં, આ કામે ફરિયાદપક્ષે રજૂ કરેલ ઉપરોકત મૌખિક અને દસ્તાવેજી પુરાવો તથા બંને પક્ષે કરવામાં આવેલ દલીલો ધ્યાને લેતાં, ફરિયાદપક્ષ આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારી અને મેળાપીપણામાં રહીને આ કામના ફરિયાદીના દાંતા ગામના ગામતળમાં આવેલ માલિકીના પ્લોટ નં. ૧૩ માં ૧૦૧ ચો.મી. અને પેરામીટર અને રસ્તામાં આશરે દશેક ફુટ જેટલી જમીનમાં જમીન પચાવી પાડવા સારૂ ફરિયાદીની ગેરહાજરીનો લાભ લઈ જબરજસ્તીથી બિનઅધિકૃત રીતે કબજો કરેલ હોય અને ફરિયાદી કહેવા જતાં ફરિયાદીને માર મારવાનો ડર બતાવી ધાક ધમકી આપી ઉશ્કેરણી કરી જમીન પચાવી પાડી એકબીજાને મદદગારી કરી બી.એન.એસ., ૨૦૨૩ ની કલમ-૩૫૧(૩),૫૪ તથા ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ, કલમ-૪(૩),૫(બી),૫(સી) અને ૫(ઈ) મુજબનો આક્ષેપિત ગુન્હો કરેલ હોવાનું વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોય , આ કામના આરોપીઓને તેમની સામેના આક્ષેપિત ગુન્હામાં તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

૨૦. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આ કામના આરોપીઓએ બી.એન.એસ., ૨૦૨૩ ની કલમ-૩૫૧(૩),૫૪ તથા ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ, કલમ-૪(૩),૫(બી),૫(સી) અને ૫(ઈ) મુજબના આક્ષેપિત ગુન્હો કરેલ હોવાનું વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોઈ, આ કામના આરોપીઓને સદર ગુન્હામાં તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. આમ, આ કામના આરોપીઓ

સામેનો કેસ મુદ્દા નં. ૧ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોઇ, મુદ્દા નં. ૧ નો નિર્ણય ''નકાર'' માં ઠરાવી મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

૧. આ કામના આરોપીઓ (૧) ભીખાભાઇ મંગાભાઇ સોલંકી, તથા (૨) ભીખાભાઇ નાથાભાઇ સોલંકી, બન્ને રહે. દાંતા, દાંતા પોલીસ સ્ટેશન સામે, લક્ષ્મીપુરા, તા.દાંતા, જિ. બનાસકાંઠા વાળાઓને બી.એન.એસ.એસ. ની કલમ-૨૫૮(૧) અન્વયે બી.એન.એસ., ૨૦૨૩ ની કલમ-૩૫૧(૩),૫૪ તથા ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ, કલમ-૪(૩),૫(બી),૫(સી) અને ૫(ઇ) મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

૨. **બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૧** ની જોગવાઇઓ મુજબ દરેક આરોપીએ રુ. ૧,૦૦,૦૦૦/- (અંકે રુપીયા એક લાખ પુરા) નો જાત-મુચરકો તથા તેટલી જ રકમના જામીન આજની તારીખથી છ મહીનાના સમયગાળા માટે આપવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તા. ૨૦ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : પાલનપુર
તારીખ : ૨૦/૦૩/૨૦૨૬

**(અમિત જે. કાનાણી)**
સ્પેશ્યલ જજ(લેન્ડ ગ્રેબિંગ એકટ) અને
બીજા એડીશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા-પાલનપુર
(કોડ નં. જી.જે.૦૦૬૬૨)

/raval/

**(અમિત જે. કાનાણી)**
સ્પે.જજ (લે.ગ્રે.એકટ)
બનાસકાંઠા,પાલનપુર.